# -: હમારા શીઆ કોન ? :-

મોલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત છે કે, આપને નઝદીક કેટલાક મરદો દુન્યાવી કામકાજના સિલસિલામાં ચંદ સવાલો કરવા આવા. કામ નીકાલવા વાસ્તે આપના ખાસ મોહિબ હોવાને અને શીઆપના ને વસીલો બનાવીને કહેવા લાગા કે, હમેં તો આપના મુખ્લિસ શીઆ માંથી છીએ, અય અમીરૂલ મુમેનીન (અ.સ.) ! મૌલા અલી (અ.સ.) તેઓના ચહેરા તરફ એક નઝરથી જોતા રહ્યા તે બાદ આપ મૌલાએ ફરમાવું કે, **" હું તમને ઓલખતો નથી ! અને તમેં જે કહો છો કે તમેં મારા શીઆ માંથી છો, તો તમારામાં મેં શીઆની સીરત-સૂરતની કોઇ અસર કે નિશાની જોતો નથી. "** પછી આપ (અ.સ.)એ ઘણી તાકીદથી ફરમાવું કે, "હમારા શીઆ તો તે છે જે અલ્લાહ અને એના રસૂલોનું ઈમાન લાવે, એની તાઅત કરે અને ફરમાન મુતાબિક અમલ કરે અને એની નારાઝગી અને માઅસીયતોથી દૂર રહે. હમેં જે કઈ એને અમર-હુકમ કરીએ, દાઅવત કરીએ તેને સમઅન વ તાઅતન ફૌરન ઉઠાવી લે, બાખૂબી એને પર ચાલે, દિલો જાનથી કુબૂલ કરે, નમાઝના વક્તોમાં પૂરી પાબંદી સાથે નમાઝને અદા કરે. હમારા શીઆ તે છે જેના હોંઠ સુખા હોય, જેના પેટ પતલા હોય, જેના ચેહરા પર પરહૈઝગારી ના આસાર નઝર આવતા હોય, મિઝાજના ઠંડા હોય, તબીઅતના સાદા અને નરમ હોય. તે હમારા શીઆ માંથી નથી જે ગૈરના હક્કને પચાવી ખાય, જે લોગો પર ઝુલ્મ કરે, નાફરમાની કરે." ★